મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૧૪-૦૫-૨૦૨૫ બુધવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૦

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367



ગરવી તાકાત હવે આંગણીના ટેરવે

તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે

Garvitakat.com

લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

Garvi Takat. com


# પીએમ મોદીએ ઓપરેશન સિંદૂર ભારતની મહિલાઓને સમર્પિત કર્યું, સશસ્ત્ર દળોને સલામ કરી

(જી.એન.એસ)નવી દિલ્હી,

"ઓપરેશન સિંદુર" બાદ પ્રથમ વખત પીએમ મોદીએ દેશને સંબોધન કર્યુ છે. જેમાં તેઓએ ભારતીય સેનાને સલામ કરી છે. અને તેમના શૌર્યની પ્રશંસા કરી છે. તેમણે ભારતની ત્રણેય પાંખો, ગુપ્તચર એજન્સીઓ તમામને સફળતા બદલ શુભેચ્છા પાઠવી છે. ઓપરેશન સિંદૂર પછી પીએમ મોદી પહેલી વાર રાષ્ટ્રને સંબોધિત કરી કહ્યું કે, છેલ્લા કેટલાક દિવસોમાં દુનિયાએ ભારતની તાકાત અને સંયમ બંને જોયા છે. તેમણે દેશની ત્રણેય સેનાઓ અને વૈજ્ઞાનિકોને સલામ કરી.

ત્રણ દશકથી આતંકીઓ પાકિસ્તાનમાં ખુલેઆમ ફરી રહ્યા હતા. પરંતુ ભારતીય સેનાની કાર્યવાહીથી પાકિસ્તાન ડરના માહોલમાં આવી ગયુ છે. દુશ્મન દેશના હુમલાઓ પર ભારતના ડ્રોન અને મિસાઈલોએ સટીક પ્રહાર કર્યા હતા. અને તેમના પાડોશી દેશના હુમલાઓ નિષ્ફળ બનાવ્યા હતા. ભારતે પાકિસ્તાનનું ઘમંડ તોડ્યુ છે. પરિસ્થિતિ ખરાબ થયા બાદ પાકિસ્તાને દુનિયા પાસે મદદ માંગી હતી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'તાજેતરમાં જ દેશનું સામાર્થ્ય અને સંયન બંને જોવા મળ્યા. હું સૌથી પહેલા દેશની સેનાઓ, ગુપ્તચર એજન્સીઓ અને વિજ્ઞાનીઓને સલામ કરું છું. આપણા વીર સૈનિકોએ ઓપરેશન સિંદૂરના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વિરતા દેખાડી. આતંકવાદી હુમલા બાદ આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે તમામ નાગરિકો, તમામ વર્ગો અને તમામ રાજકીય પક્ષો એક સ્વરે ઉભા થયા. અમે આતંકવાદીઓને આકરી કાર્યવાહી કરવા માટે સેનાને તમામ ખુલ્લી છૂટ આપી દીધી.'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ઓપરેશન સિંદૂરને ભારતની તમામ દિકરીઓ, બહેનો અને માતા નામે પાર પડાયું. પહલગામમાં રજાઓ માણી રહેલા દેશવાસીઓને ધર્મ પૂછીને મારવામાં આવ્યા, જે દેશને તોડવાનો નિંદનીય પ્રયાસ હતો. ભારતની સેનાઓએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણાઓને ટ્રેનિંગ સેન્ટરોને ચોક્કસ પ્રહાર કર્યા છે.




આતંકવાદીઓએ સપનામાં પણ વિચાર્યું નહીં હોય કે, ભારત આટલું મોટો નિર્ણય લેશે.

જ્યારે દેશ એક થાય છે, દેશ પહેલાની ભાવના ઉભી થાય છે અને રાષ્ટ્ર સર્વોપરી થાય છે, ત્યારે કડક નિર્ણયો લેવામાં આવે છે અને પરિણામ પણ દેખાડવામાં આવે છે.'

વધુમાં વડાપ્રધાન મોદી એ કહ્યું હતું કે, ટેરર અને ટ્રેડ એક સાથે નહિ ચાલી સકતા...., અમે લગાતાર કદમ આતંકવાદ વિરુદ્ધ કદમ ઉઠવીશું....

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'પાકિસ્તાને આતંકવાદ વિરુદ્ધ સાથ આપવાના બદલે ભારતને નિશાન બનાવ્યું. પાકિસ્તાને ભારત પર જ હુમલો કર્યો. પાકિસ્તાને મંદિરો, ગુરુદ્વારા પર હુમલો કરવા લાગ્યો. ભારતે પાકિસ્તાના ડ્રોનને પત્તાની જેમ ઉડાવી દીધો.'

પીએમ મોદીએ જણાવ્યું હતું કે, અમે અમારી બદલાની કાર્યવાહી હાલ પૂરતી મુલતવી રાખી છે. આગામી દિવસોમાં આપણે જોઈશું કે પાકિસ્તાન કેવું વલણ અપનાવે છે. ભારતની ત્રણેય સેનાઓ અને બીએસએફ એલર્ટ પર છે.

સર્જિકલ અને હવાઈ હુમલા પછી આતંકવાદ સામે ઓપરેશન ભારતની નીતિ છે. જો ભારત પર આતંકવાદી હુમલો થશે, તો યોગ્ય જવાબ અપાશે. અમે અમારી પોતાની શરતો પર જવાબ આપીશું.

# જાતિ અને નોન ક્રિમિલેયર દાખલાને લઈ સુઇગામ.TDO હેરાનગતિ કરતા હોવાનો આક્ષેપ.

ધો.૧૦ અને ધો .૧૨ ના પરિણામ બાદ ઉચ્ચ અભ્યાસ માટે વિધાર્થીઓને જાતિ,આવક તેમજ ક્રિમિલેયર ના દાખલાની જરૂર પડતી હોય છે, જેમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના વિધાર્થીઓને આ દાખલાઓ માટે ગ્રામ પંચાયતથી તાલુકા કચેરીમાં ધરમ ધક્કા ખાવા પડતા હોય છે, સુઇગામ તાલુકાના અલગ અલગ ગામો માંથી આવતા વિદ્યાર્થીઓ ને જાતિ ના દાખલા માટે તેમજ નોન ક્રિમિલેયર ના દાખલા માટે તાલુકા વિકાસ અધિકારીની સહી કરાવવી પડતી હોય છે, અને આ દાખલાઓ એક જ દિવસમાં આપવાની જોગવાઈ હોવા છતાં વિધાર્થીઓને ૨ કે ત્રણ દિવસ પછી આવજો તેવું કહી વિધાર્થીઓને હેરાન કરવામાં આવતા હોવાનો કેટલાક વિધાર્થીઓ એ આક્ષેપ કર્યો હતો, ધોરણ ૧૨ તેમજ ધોરણ ૧૦ નું રિઝલ્ટ અવતાની સાથે વિદ્યાર્થીને આવક તેમજ નોન ક્રિમિલેયર અને જાતિના દાખલા માટે સુઈગામ તાલુકા પંચાયતમાં આવવાનું હોય છે,પરંતુ છેલ્લા કેટલાય સમયથી તાલુકા




પંચાયત કચેરીમાં મનસ્વી વહીવટને કારણે વિધાર્થીઓને જે કામ એક દિવસમાં થઈ જાય તે માટે બે થી ત્રણ દિવસ બાદ લઈ જવા માટે ફરમાન કરવામાં આવે છે,જેના લીધે વિધાર્થીઓ અને વાલીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે, વહેલી સવારથી વિવિધ દાખલા માટે તાલુકા કચેરીએ આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ આખો દિવસ બગાડે પણ તેમ છતાં કામ થતું ના હોઈ જે તે ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં એડમિશન લેવામાં અગવડતા ભોગવી રહ્યા છે,સુઈગામ તાલુકા પંચાયત ના કર્મચારીઓ કે મહિલા_ઈ ની મનસ્વી પણાને કારણે વિધાર્થીઓને હાલાકી વેઠવી પડી રહી છે, જરૂરી દાખલા માટે આવતા હોય વિધાર્થીઓ પ્રત્યે લાગણી રાખવાને બદલે સુઈગામ_ઈ સાહેબ જાણે નોન ક્રિમિનલ જાતિના દાખલા તેઓને કોઈ લાગતું વળગતું ના હોય તેમ ૨.કે ૩ દિવસ પછી આવજો તેવા જવાબો આપે છે તેમ વિધાર્થીઓને હાલ એડમિશન લેવાનું હોય ત્યારે નોન ક્રિમિનલ ની જરૂર હોવાના કારણે વહેલી સવારથી હાલાકી ભોગવી રહ્યા છે.વિધાર્થીઓ ના વાલી ઓ નું કેવાહવું કે સાહેબ અમે ૨૦ કિલોમીટર થી આવીએ છીએ અમારે બસ નથી આવતી અમને સહી કરી આપો તેમ છતાં_ઈ સાહેબ સાંભળવા ત્યાર નથી .અમે અમારું ખેતર નું કામ મૂકી ને અમારા છોકરા ઓને દાખલ લેવા માટે આવી ને ઉભા છીએ આખો દિવસ બગડે છે સાહેબ તો મહેર બાની કરો .....અહેવાલ. નવીન ચૌધરી. સુઈગામ

# " વૈજ્ઞાનિક સંશોધન અને લેખન દ્વારા નવીનતાને પ્રોત્સાહન" થીમ પર એક અતિથિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિસનગરઃ

નૂતન કોલેજ ઓફ નર્સિંગ, સાંકળચંદ યુનિવર્સિટી,વિસનગર દ્વારા, ૧૩ મે ૨૦૨૫,સવારે ૧૦:૩૦ વાગ્યેના ના રોજ " વૈજ્ઞાનિક સંશોધન અને લેખન દ્વારા નવીનતાને પ્રોત્સાહન" થીમ પર એક અતિથિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં માટે વક્તા તરીકે (પ્રો.) ડૉ. બી. રાજનારાયણપ્રુસ્ટી,ડાયરેક્ટર ઝઈ,ને આવકારવામાં આવ્યા હતાં. આ અતિથિ વ્યાખ્યાન દરમિયાન બી.એસ.સી નર્સિંગના સાતમાં સેમિસ્ટરના તમામ વિદ્યાર્થીઓ, તમામ ફેકલ્ટી,વાઈસ પ્રિન્સિપાલ ડૉ. મહાલક્ષ્મી અને ડૉ. એન. શિવાસુબ્રમણ્યમ,ડીન,નર્સિંગ ઉપસ્થિત રહ્યાં હતાં. નૂતન કોલેજ ઓફ નર્સિંગના પ્રોફેસર શ્રીમતી બ્યુલા.એસ.એસ. અને સહાયક પ્રોફેસર પાયલ વાઘેલા દ્વારા આ અતિથિ વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું.

આ અતિથિ વ્યાખ્યાન, નૂતન કોલેજ ઓફ નર્સિંગના સાતમાં સેમિસ્ટરના તમામ વિદ્યાર્થીઓ અને નર્સિંગના વિવિધ વિભાગોના ફેકલ્ટી સભ્યો માટે ખૂબ જ ઉપયોગી રહ્યો હતો. જેથી કૉલેજના ડીન ડૉ. શિવાસુબ્રમણ્યમ,વાઈસ પ્રિન્સિપાલ ડૉ. મહાલક્ષ્મી,તમામ ફેક્લટી અને




વિદ્યાર્થીઓએ (પ્રો.) ડૉ. બી. રાજનારાયણપ્રુસ્ટી,ડાયરેક્ટર ઝઈ સાહેબનો આભાર વ્યક્ત કર્યો હતો. જે બદલ સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ,સમર્થકો ડૉ. પી. એમ. ઉદાણી તેમજ ડૉ. જે. આર. પટેલએ, નૂતન કૉલેજ ઑફ નર્સિંગના ડીન ડૉ. શિવાસુબ્રમણ્યમ,વાઈસ પ્રિન્સિપાલ ડૉ. મહાલક્ષ્મી તેમજ તમામ ફેક્લટી અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતાં.

# ડીજીવીસીએલ માંગરોળ પેટા વિભાગીય કચેરીનાં જુનિયર ઈજનેર ડી.ડી. પટેલનો વિદાય સમારંભ યોજાયો

ડીજીવીસીએલની કચેરી, માંગરોળ પેટા વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતાં જુનિયર ઈજનેર ડી.ડી. પટેલની અરેઠ સબ ડિવિઝનમાં બદલી થતાં

તેઓનો શુભેચ્છા વિદાય સમારંભ અત્રોની કચેરીમાં રાખવામાં આવ્યો હતો. છેલ્લાં સાડા ચાર વર્ષથી માંગરોળમાં ફરજ બજાવનાર, હસમુખા સ્વભાવનાં જુનિયર ઈજનેર ડી. ડી. પટેલને સન્માનિત કરવા







ડીજીવીસીએલ પેટા વિભાગ કચેરી, માંગરોળનાં નાયબ ઈજનેર ડી.જી. વસાવા સહિત સ્ટાફગણ, ખેડૂત આગેવાનો, આસપાસનાં ગામોનાં સરપંચો ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે બદલી પામી જનાર ડી.ડી. પટેલને પુષ્પગુચ્છ સાથે શાલ ઓઢાડી સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ડી.ડી. પટેલે પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં અધિકારીઓ-પદાધિકારીઓ તથા સરપંચ મિત્રોનાં સાથ સહકારની સરાહના કરી હતી. તેમનાં સન્માન બદલ તેમણે આયોજકોનો આભાર વ્યકત કર્યો હતો.


# ."ગૌ વિશ્વ વિદ્યાપીઠમ"નું તા. ૧૭ મે ૨૦૨૫, શનિવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે, ડો. આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ઉદ્ઘાટન સમારોહનું ભવ્ય આયોજન.

ગુજરાતની પવિત્ર ધરતી પર પ્રથમ "ગૌ વિશ્વ વિદ્યાપીઠમ" ના ઐતિહાસિક ઉદ્ઘાટન સમારોહનું ભવ્ય આયોજન તા. ૧૭ મે ૨૦૨૫, શનિવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે, ડૉ. આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે થવા જઈ રહ્યું છે. ગૌમાતાના આશીર્વાદથી શરૂ થનાર આ યુનિવર્સિટી દેશ-વિદેશમાં ગૌ વિજ્ઞાન, પરંપરાગત જ્ઞાન અને આત્મનિર્ભર ભારતના ઘડતર માટે એક નવા યુગની શરૂઆત કરશે. ગૌ વિશ્વ વિદ્યાપીઠમ (ય્ફફ) નો ગૌ વંશના વિવિધ પાસાઓના વૈજ્ઞાનિક અભ્યાસ માટે સમર્પિત એક વિશિષ્ટ યુનિવર્સિટી તરીકે સ્થાપના કરવાનો છે.



આ પહેલ ભારતની શૈક્ષણિક વ્યવસ્થામાં ગૌ આધારિત અભ્યાસક્રમો અને સંશોધનને મુખ્ય ધારામાં લાવવા માટે એક ક્રાંતિકારી

GAU VISHWA VIDYAPEETHAM



પગલું છે, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ સાથે સુસંગત છે. ભારત વર્ષમાં પંચગવ્ય, ગૌ વિજ્ઞાન (પ્રજનન, પોષણ અને આરોગ્ય), ગોરસ વિજ્ઞાન (દૂધ ઉત્પાદન અને પ્રક્રિયા), ગૌ આધારિત ખેતી, પશુચિકિત્સા, લોકજીવવિજ્ઞાન અને ગ્રીન ઊર્જા (કમ્પ્રેસ્ડ બાયોગેસ અને ગ્રીન હાઈડ્રોજન) જેવા ક્ષેત્રોમાં ઔપચારિક અભ્યાસક્રમો શરૂ કરવામાં આવી રહ્યા છે, તેના ભાગ રૂપે વધુ એક યુનિવર્સીટી ગુજરાતમાં આકાર લઈ રહી છે.ગૌ વિશ્વ વિદ્યાપીઠમ (ય્ફફ) નો દ્રષ્ટિકોણ એ છે કે, પરંપરાગત જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનના સંયોજન દ્વારા ગૌ આધારિત સાશ્વત અર્થતંત્ર અને ગ્રામ વિકાસ માટે વૈશ્વિક સ્વીકાર્યતા સાથેના ધોરણો અને શૈક્ષણિક માળખાં ઊભા કરવામાં આવે. આ અનોખી પહેલ સાથે ભારત તેના પૌરાણિક વારસાને પુનઃસ્થાપિત કરવા અને આધુનિક વિશ્વની પડકારો સામે નવીનતમ ઉકેલો પ્રસ્તુત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ ઐતિહાસિક પ્રસંગે ગુજરાત સરકારના આરોગ્ય અને શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગૌ સેવા ગતિવિધીના ઓલ ઈન્ડિયા પ્રશિશણ પ્રમુખ શ્રી કે. એન. રાઘવન મુખ્ય અતિથિ તરીકે અને ગુજરાત પ્રદેશ બીજેપી ના મહામંત્રીશ્રી રત્નાકરજી વિશિષ્ટ અતિથિ તરીકે કાર્યક્રમમાં હાજરી આપશે.

# વર્ષ ૨૦૨૫ -૨૬ માટે બાગાયત ખાતાની સહાયલક્ષી યોજનાનો લાભ મેળવવા તા. ૦૯/૦૬/૨૦૨૫ સુધી આઇ ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું

મહેસાણા,

મહેસાણા નાયબ બાગાયત નિયામકશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર રાજયમાં વર્ષ ૨૦૨૫ -૨૬ માટે બાગાયત ખાતાની સહાયલક્ષી યોજનાનો લાભ મેળવવા જિલ્લાના તમામ ખેડૂતો માટે તા. ૦૯/૦૬/૨૦૨૫ સુધી નવીન આઈ ખેડુત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. - અરજી કરતાં પહેલા ખેડૂતોએ **https:// ikhedut.guja®a.gov.in/** નોંધણી કરવી ફરજિયાત રહેશે ત્યારબાદ લાભ મેળવવા માટે આ પોર્ટલ પરથી ઓનલાઈન અરજી કરી શકાશે.બાગાયત ખાતામાં વિવિધ ૨૦ જેટલા ઘટકોમાં અરજી કરવા પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં "સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળના (૧) નાની નર્સરી (૦.૪ થી ૧ હે.) (૨) નવી ટિસ્યુકલ્ચર લેબની સ્થાપના કરવા સહાય (૩) કલમોના બહોળા ઉત્પાદન માટે પ્લાન્ટિંગ મટીરીયલ, મધર બ્લોકની આયાત કરવા માટે (**FPOS, FIGS, SHGS,** સહકારી સંસ્થાઓ જાહેર ક્ષેત્રો માટે) (૪) પોલીહાઉસ/હાઈબ્રિડ/રીટેકટેબલ માળખા માટે સહાય (૫) નેટ હાઉસ / એગ્રો ટેટાઈલ નેટ હાઉસ માટે સહાય (૬) ફાર્મ ગેટ પેક હાઉસ - (એકમની સાઈઝ ૯ મી ટ ૬ મી) (૭) સંકિલત પેક હાઉસ (સાઈઝ ૧૮ મી ટ ૨૨ મી) (૮) **COLLECTION AGGREGATION CENTRE** (સંગ્રહ અને સંકલન કેન્દ્ર - ૨૨.૦૦ મીટર ટ ૨૬.૦૦ મીટર) (૦૯) પ્રિ-કુલિંગ યુનિટ (૧૦) મોબાઈલ પ્રિ-કુલિંગ યુનિટ, (૧૧) કોલ્ડ રૂમ (સ્ટેગીંગ), (૧૨) કોલ્ડ સ્ટોરેજ યુનિટ ટાઈપ-૧ (**CS-1)** સીવીલ બાંધકામ **PUF/PIR** પેનલ સાથે, દરવાજા અને **Anterooms**, શીતક એકમો, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, એડમિન બ્લોક, સેફટી/ફાયર સેફટી/હઝાર્ડ કટ્રોલ અને બેઝિક મેઝેનાઈન સ્ટ્રક્ચર સાથે, (૧૩) કોલ્ડ સ્ટોરેજ પ્રકાર-૧ ને ઝ.છ. સાથે **CS-2-CA' PUF/ PIR** પેનલ, દરવાજા અને એન્ટરૂમ, સંદર્ભ એકમો, ઈન્ઈઝ ઈન્સ્ટોલેશન, એડમિન બ્લોક, સલામતી/આગ સલામતી અને જોખમ નિયંત્રણ અને મૂળભૂત મેઝેનાઈન માળખા માટે (૧૪) કોલ્ડ સ્ટોરેજ ટેકનોલોજી ઈન્ડકશન/આધુનીકરણ.




# નાગરિકો પર હુમલો

પાકિસ્તાન દ્વારા વર્ષોથી ભારત સાથે પ્રોક્સિ વોર કરવામાં આવી રહ્યું છે અને આજે પણ તે આ જ રણનીતિનો ઉપયોગ કરી રહ્યું છે. ભારતમાં આતંકવાદી હુમલા કરાવવા, ભારતના નાગરિકોનો ભોગ લેવો, નાગરિકો ઉપર ગોળીબાર કરાવવો અને જ્યારે પોતાના બચાવની વાત આવે ત્યારે પોતાના નાગરિકો અને વિદેશી નાગરિકોને આગળ ધરી દેવાના. ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતે જે રીતે ટાર્ગેટેડ મિસાઈલ સ્ટ્રાઈક કરી અને ડ્રોન હુમલા દ્વારા પાકિસ્તાનના આતંકી ઠેકાણાઓ તોડી પાડયાં ત્યાર બાદ પાકિસ્તાને આ જ મોડસ ઓપરેન્ડી અપનાવીને હુમલા સામા કર્યા પણ તેણે ભારતીય નાગરિકો અને રહેણાક વિસ્તારોને ટાર્ગેટ કરવાનો નાપાક પ્રયાસ કર્યો.

પાકિસ્તાને ૮મી મેએ રાત્રે ભારતના પંદર જેટલાં શહેરોને ટાર્ગેટ કરીને હુમલા કર્યા હતા. આ ઉપરાંત તેણે સરહદે આવેલા ગામડાંને ટાર્ગેટ બનાવીને ભીષણ ગોળીબાર અને તોપમારો કર્યો હતો. ભારતે પાકિસ્તાની ડ્રોન અને મિસાઈલ તોડી પાડયાં, છતાંય ભારતના સરહદીય ગામડાં અને શહેરોમાં ઠીક ઠીક નુકસાન થયું છે. નવમી મેના રોજ મધરાતે પાકિસ્તાને ભારતીય શહેરો ઉપર કરેલા હુમલામાં ભારતીય નાગરિકોના જીવ જોખમાયા હતા. કેટલાક નાગરિકોનાં મોત થયાં હતાં, જેમાં નાના બાળકોનો પણ સમાવેશ થતો હતો. સરહદી વિસ્તારમાં આવેલી શાળામાં તોપગોળો પડયો હતો અને બે વિદ્યાર્થીઓનાં મોત થયા હતા. પંજાબના કેટલાક ભાગમાં થયેલા બ્લાસ્ટને કારણે લોકોને ઈજા થઈ હતી.

પાકિસ્તાનની આ કાયમની પેટર્ન રહી છે. તે ભારતના સરહદી ગામડાઓને ટાર્ગેટ કરીને ગોળીબાર અને હવાઈ હુમલા કરતું રહે છે. બીજી તરફ, તે પોતાના નાગરિકોને પણ છુટ્ટા મુકી દે છે. તેના કારણે જો ભારત વળતો હુમલો કરે અને મોટી જાનહાનિ થાય ને આંતરરાષ્ટ્રીય સ્તરે કાગારોળ મચાવી શકાય. પાકિસ્તાન નાગરિકોનો ઉપયોગ ઢાલ તરીકે કરે છે. તેને ખબર છે કે, ભારત પાસે નૈતિક મૂલ્યો છે અને તે નાગરિકો ઉપર હુમલો નહીં કરે.

પાકિસ્તાને યુદ્ધની સ્થિતિ વચ્ચે એરપોર્ટ ચાલુ રાખ્યા છે, આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક ફલાઈટ ચાલી રહી છે. લાહોર, કરાચી એરપોર્ટ ઉપર દસથી વધારે વિમાનોની આવનજાવન જોઈ શકાય છે. પાકિસ્તાની અને વિદેશી લોકો એરપોર્ટ ઉપર હાજર છે, પ્લેનમાં હાજર છે અને આ દરમિયાન ભારતની એકપણ મિસાઈલ આ એરપોર્ટ્સ ઉપર કે પછી પ્લેન ઉપર ટકરાય તો ભારત સામે વિક્ટિમ કાર્ડ રમી શકાય. સાતમી મેના રોજ સાંજે ભારત વળતો હુમલો ન કરી શકે તે માટે લાહોર અને દમમ વચ્ચે કોમશયલ ફલાઈટ ચાલુ રાખવામાં આવી હતી. પાકિસ્તાને ભારત માટે પોતાની એરસ્પેસ બંધ કરી દીધી પણ બાકીની ફલાઈટ્સ માટે એરસ્પેસ ચાલુ રાખી અને ફલાઈટ્સનાં ઓપરેશન્સ પણ ચાલુ રાખ્યાં. જમ્મુ-કાશ્મીર, પંજાબ અને રાજસ્થાન સરહદે સતત તોપમારો, ગોળીબાર અને ડ્રોન હુમલા કર્યા બાદ પણ ચાર દિવસથી પાકિસ્તાનમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફલાઈટ્સ ચાલુ રહી. બીજી તરફ પાકિસ્તાને ભારતીય નાગરિકોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવાનું નક્કી કર્યુ હતું. તે દરરોજ રહેણાક વિસ્તારોને ટાર્ગેટ કરતું રહ્યું. તેને ખબર છે કે, ભારત પોતાના નાગરિકોને બચાવવા કંઈ પણ કરી શકે છે. તેઓ લડાઈ રોકીને પણ સામાન્ય નાગરિકોનો જીવ બચાવવાને પ્રધાન્ય આપશે પછી ભલે તે પાકિસ્તાનના હોય કે ભારતના. આ સિવાય સરહદી શહેરોમાં પણ પાકિસ્તાને પોતાનાં નાગરિકોને ખાસ સૂચના આપી નહોતી, બધું જ રાબેતા મુજબ ચાલુ રાખ્યું. તેના કારણે નાગરિકોનું જે થવું હોય તે થાય, પણ સેના અને નેતાઓના પેટનું પાણી હલ્યું નહીં અને હાલવાનું પણ નથી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# ડોનાલ્ડ ટ્રમ્પના રાજદૂતે પુષ્ટિ આપી છે કે, હમાસ ગાઝામાં છેલ્લા જીવિત યુએસ બંધક એડન એલેકઝાંડરને મુક્ત કરવા સંમત થયા



(જી.એન.એસ) ગાઝા, હમાસે જણાવ્યું હતું કે ગાઝામાં છેલ્લા જીવિત અમેરિકન બંધક, એડન એલેકઝાન્ડરને યુદ્ધવિરામ સ્થાપિત કરવાના પ્રયાસોના ભાગ રૂપે મુકત કરવામાં આવશે, ઈઝરાયલ દ્વારા નાકાબંધી કરાયેલા પ્રદેશમાં ક્રોસિંગ ફરીથી ખોલવામાં આવશે અને સહાય પહોંચાડવાનું ફરી શરૂ કરવામાં આવશે. હમાસના બે અધિકારીઓએ મીડિયાને જણાવ્યું હતું કે તેઓ આગામી ૪૮ કલાકમાં મુક્તિની અપેક્ષા રાખે છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રાજદૂત સ્ટીવ વિટકોફે રવિવારે મોડી રાત્રે એપીને આપેલા સંદેશમાં પુષ્ટિ આપી હતી કે હમાસ ટ્રમ્પ પ્રત્યે 'સદ્ભાવના'ના સંકેત તરીકે એલેકઝાન્ડરને મુકત કરવા સંમત થયા છે.માર્ચમાં ઈઝરાયલે યુદ્ધવિરામ તોડ્યા પછી પ્રથમ બંધક મુક્તિની જાહેરાત ટ્રમ્પ આ અઠવાડિયે મધ્ય પૂર્વની મુલાકાત લે તે પહેલાં જ કરવામાં આવી છે. આ જાહેરાત ઈઝરાયલના સૌથી નજીકના સાથી દેશ દ્વારા ૧૯ મહિનાના યુદ્ધ માટે યુદ્ધવિરામ વાટાઘાટોમાં વેગ લાવવાની તૈયારી દર્શાવે છે કારણ કે નવા ઈઝરાયલી નાકાબંધી હેઠળ બંધકોના પરિવારો અને ગાઝાના ૨૦ લાખથી વધુ લોકોમાં નિરાશા વધી રહી છે.એલેકઝાન્ડર એક ઈઝરાયલી-અમેરિકન સૈનિક છે જે ન્યુ જર્સીમાં ઉછર્યો હતો. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસના નેતૃત્વ હેઠળ ગાઝામાં થયેલા હુમલા દરમિયાન તેનું અપહરણ કરવામાં આવ્યું હતું, જેના કારણે ગાઝામાં યુદ્ધ શરૂ થયું હતું.ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું કે અમેરિકાએ તેમને હમાસના વળતર કે શરતો વિના એલેકઝાંડરને મુકત કરવાના ઈરાદાની જાણ કરી હતી અને આ પગલાથી યુદ્ધવિરામ પર વાટાઘાટો થવાની અપેક્ષા છે. નેતન્યાહૂની સરકાર આ વર્ષની શરૂઆતમાં હમાસ સાથેની અમેરિકાની સીધી વાટાઘાટોથી નારાજ હતી, જેના કારણે હમાસે જો ઈઝરાયલ અટકેલા યુદ્ધવિરામ કરાર માટે ફરીથી પ્રતિબદ્ધ થાય તો એલેકઝાંડર અને અન્ય ચાર બંધકોના મૃતદેહોને મુકત કરવાની ઓફર કરી હતી. જોકે, થોડા દિવસો પછી, ઈઝરાયલે યુદ્ધ ફરી શરૂ કર્યું.વિટકોફે એપીને જણાવ્યું હતું કે એલેકઝાંડરને મુક્ત કરવાનો હમાસનો ધ્યેય યુદ્ધવિરામ, વધારાના બંધકોને મુક્ત કરવા અને ઈઝરાયલ દ્વારા પ્રદેશ પર સંપૂર્ણ કબજો મેળવવાની ધમકી આપવામાં આવે તે પહેલાં ગાઝામાં માનવતાવાદી સહાયનો વધારો કરવા અંગે વાટાઘાટો ફરી શરૂ કરવાનો હતો.ગાઝામાં હમાસના નેતા ખલીલ અલ-હય્યાહે જણાવ્યું હતું કે જૂથ છેલ્લા કેટલાક દિવસોથી યુએસ વહીવટીતંત્ર સાથે સંપર્કમાં છે. અલ-હય્યાહે એક નિવેદનમાં જણાવ્યું હતું કે હમાસ લાંબા ગાળાના યુદ્ધવિરામ માટે અંતિમ સોદા સુધી પહોંચવા માટે "તાત્કાલિક સઘન વાટાઘાટો શરૂ કરવા" તૈયાર છે, જેમાં યુદ્ધનો અંત, ગાઝામાં પેલેસ્ટિનિયન કેદીઓ અને બંધકોનું વિનિમય અને ગાઝામાં સત્તા ટેકનોક્રેટ્સની સ્વતંત્ર સંસ્થાને સોંપવાનો સમાવેશ થાય છે.પાંચ દિવસ પહેલા હમાસ અને અમેરિકા વચ્ચે પરોક્ષ વાટાઘાટો શરૂ થઈ હતી, એમ એક ઈજિપ્તીય અધિકારી અને હમાસના એક વરિષ્ઠ અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું, બંનેએ એલેકઝાંડરની મુક્તિને સદ્ભાવનાનો સંકેત ગણાવ્યો હતો. મીડિયા સાથે વાત કરવા માટે અધિકૃત ન હોવાથી, હમાસના એક વરિષ્ઠ અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું કે એલેકઝાંડરને સોમવારે (૧૨ મે) મુક્ત કરવામાં આવે તેવી અપેક્ષા છે. હમાસને સલાહ આપવામાં આવી હતી કે "રાષ્ટ્રપતિ ટ્રમ્પને ભેટ આપે અને બદલામાં તેઓ વધુ સારી ભેટ આપશે," અધિકારીએ જણાવ્યું હતુંવાટાઘાટોની ચર્ચા કરવા માટે નામ ન આપવાની શરતે બોલતા હમાસના અન્ય એક અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું કે એલેકઝાંડરની મુક્તિ આગામી ૪૮ કલાકમાં અપેક્ષિત છે, અને ઉમેર્યું કે તેના માટે ઈઝરાયલને બે કલાક માટે લડાઈ થોભાવવાની જરૂર છે. યુદ્ધવિરામ વાટાઘાટોમાં સામેલ ઈજિપ્તીયન અધિકારીએ વાટાઘાટોની ચર્ચા કરવા માટે નામ ન આપવાની શરતે કહ્યું કે હમાસને ઈજિપ્તીયન અને કતારી મધ્યસ્થી દ્વારા ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી ખાતરી મળી છે કે એલેકઝાંડરની મુક્તિ "બધી ફાઈલો વાટાઘાટોના ટેબલ પર મૂકશે" જેમાં યુદ્ધનો અંત પણ શામેલ છે. એલેકઝાંડરના માતાપિતાએ તાત્કાલિક ટિપ્પણી માટેની વિનંતીઓનો જવાબ આપ્યો ન હતો.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ**આજનો દિવસ ખુશીથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઇચ્છા પણ દર્શાવશે. તમને સર્જનાત્મક કાર્ય કરવાની તક પણ મળશે

**વૃષભઃ** આજે કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને મહત્વ વધી શકે છે. આજે તમે કોઈ સામાજિક સંગઠનમાં ઉચ્ચ પદ પર જઈ શકો છો, જે તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. ધંધામાં આકસ્મિક લાભ થવાની સંભાવના છે.

**મિથુનઃ** આજે નોકરી કરનારા લોકો અથવા ધંધાકીય લોકોને સરકાર દ્વારા કોઈ સન્માન અથવા ઈનામ મળી શકે છે. આજે તમારા દ્વારા કરવામાં આવેલ કાર્યોની સમાજમાં પ્રશંસા થશે

**કર્કઃ** ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો ટેકો મુશ્કેલ બનશે. આકસ્મિક રીતે લાભની ડીલ મેળવીને પૈસાની આવક થશે.

**સિંહઃ** આજે તમે તમારા પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી શકો છો. તમારે ધીરજ રાખવી જોઈએ. આજે દુશ્મન તમારા પર હાવી થઈ શકે છે. આ માટે તમારે સાવધાન રહેવાની જરૂર છે.

**કન્યાઃ** આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

**તુલાઃ** આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. તમે ધંધામાં મોટા ફાયદા માટે દિવસભર દોડશો. પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા કરશો. જીવનસાથી સાથે સારો સમય પસાર કરો.

**વૃશ્ચિકઃ** આજે તમને ધંધા અને ક્ષેત્રમાં સફળતા મળવાની સંભાવના છે. આજે તમારા મહત્વપૂર્ણ કાર્ય પૂરા થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે આજે તમને ઉચ્ચ પદ મળી શકે છે. આજે તમને લાંબા સમયથી અટકેલા પૈસા મળી છે.


**ધનઃ** આજે તમારો દિવસ વ્યાવસાયિક કાર્યોથી ઘેરાયેલો રહેશે. વ્યવસાય અથવા કાર્યસ્થળમાં ઘણા પ્રકારના વિવાદો રહેશે. જેને તમારે સમજદારીપૂર્વક ઉકેલવી જોઈએ.

**મકરઃ** આજે તમે આત્મવિશ્વાસથી ભરેલા રહેશો, જેથી તમે તમારા હરીફો પર પ્રભુત્વ મેળવશો. આજે ધંધા અને ક્ષેત્રમાં જંગી લાભ અને પ્રગતિના કારણે તમારો આત્મવિશ્વાસ વધશે. સંતાન તરફથી કોઈ શુભ માહિતી મળી શકે છે.

**કુંભઃ** વ્યવસાય અથવા નોકરી કરતા લોકોએ કોઈ એવું કાર્ય ના કરવું જોઈએ જે બીજા માટે જોખમી હોય. સંકટમાંથી બહાર આવવા માટે તમારે ધૈર્યથી કામ કરવું જ જોઇએ. દૈનિક વેપારમાં સખત મહેનત પછી લાભની અપેક્ષા છે.

**મીનઃ** લાંબા સમયથી ચાલતી શંકાસ્પદ સમસ્યાઓનો અંત આવશે. જે તમને માનસિક તણાવથી મુક્તિ આપશે. લાંબા સમયથી કામકાજમાં જે અવરોધ સર્જાયો હતો તેનો અંત આવશે.

# (IST) તિબેટમાં રિક્ટર સ્કેલ પર ૫.૭ ની તીવ્રતાનો ભૂકંપ




(જી.એન.એસ)લ્હાસા, રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર (NCS) એ જણાવ્યું હતું કે તિબેટમાં રિક્ટર સ્કેલ પર ૫.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. દેશભરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જોકે, કોઈ નુકસાન કે ઈજાના તાત્કાલિક અહેવાલ નથી.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) ના એક નિવેદનમાં જણાવાયું હતું કે, રિક્ટર સ્કેલ પર ૩.૭ ની તીવ્રતાનો બીજો ભૂકંપ તિબેટમાં આવ્યો હતો.(NCS)મુજબ, ભૂકંપ ૧૦ કિમીની છીછરી ઊંડાઈએ આવ્યો હતો, જેના કારણે તે આફટરશોક્સ માટે સંવેદનશીલ બન્યો હતો. ૪ પરની એક પોસ્ટમાં, (NCS) એ કહ્યું, "EQ of M: 3.7, તારીખ: ૦૮/૦૫/૨૦૨૫ 20:18:41 IST, અક્ષાંશ: 29.20 N, લાંબો: 87.02 E, ઊંડાઈ: ૧૦ Km, સ્થાનઃ તિબેટ."અગાઉ ૨૩ એપ્રિલના રોજ, ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ આ પ્રદેશને હચમચાવી ગયો હતો. ૪ પરની એક પોસ્ટમાં, NCS એ કહ્યું, "EQ of M: 3.9, તારીખ: ૨૩/૦૪/૨૦૨૫ ૧૮:૨૪:૨૮ IST, અક્ષાંશ: 28.96 N, લાંબો: 87.23 E, ઊંડાઈ: 10 Km, સ્થાનઃ તિબેટ.

# ટેરિફ વોરમાં આવ્યો વિરામ!!! યુએસ અને ચીન ૯૦ દિવસ માટે પરસ્પર ટેરિફ ૧૧૫% ઘટાડવા સંમત થયા



(જી.એન.એસ) બિજીંગ, અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરના સમાધાન મુદ્દે ચાલી રહેલી બે દિવસીય વાતચીતના અંતમાં બન્ને દેશોએ એકબીજા પર લાદેલા રેસિપ્રોકલ ટેરિફમાં ઘટાડો કરવા સહમતિ દર્શાવી છે. બંનેએ ૯૦ દિવસ માટે લાગુ ટેરિફમાં ૧૧૫ ટકા સુધીનો ઘટાડો કર્યો છે. ચીને મંત્રણાઓ વચ્ચે અમેરિકાની પ્રોડક્ટ્સ પર લાગુ રેસિપ્રોકલ ટેરિફ ૧૨૫ ટકાથી ઘટાડી ૧૦ ટકા કર્યો છે. જ્યારે અમેરિકાએ ચીનની પ્રોડક્ટ્સ પર ટેરિફ ૧૪૫ ટકાથી ઘટાડી ૩૦ ટકા કરવા સહમતિ દર્શાવી છે. આ સમજૂતી પ્રારંભિક ધોરણે ૯૦ દિવસ સુધી લાગુ રહેશે.ચીનના વાઈસ પ્રીમિયર હી લિફેંગ અને યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, બંને દેશોએ આ નિર્ણય પર સહમતિ દર્શાવી છે. તેમજ આર્થિક અને વેપાર સંબંધો મુદ્દે ચર્ચાઓ જારી રહેશે. બંને દેશો ચીન અને અમેરિકામાં વૈકલ્પિક ધોરણે ચર્ચાઓ કરી શકે છે. જેમાં જો જરૂર પડે તો આર્થિક અને વેપાર મુદ્દાઓ સંબંધિત ભલામણોને ધ્યાનમાં લઈ શકે છે.

# પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલ ક્રોસ બોર્ડર ફાયરિંગમાં ઈજાગ્રસ્ત થયેલ BSF જવાન થયા શહીદ



(જી.એન.એસ) જમ્મુ, ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તનાવમાં દેશને વધુ એક જવાન શહીદ થવાના દુઃખદ સમાચાર આવ્યા છે, તા. ૯-૧૦ મેની રાત્રે જમ્મુના આરએસ પોરામાં પાકિસ્તાનની સેના દ્વારા થયેલા ક્રોસ-બોર્ડર ગોળીબારમાં બીએસએફનો કોન્સ્ટેબલ દીપક ચિમંગખમ ગંભીર રૂપે ઘાયલ થયા હતા. તેમણે ૧૧ મેના રોજ અંતિમ શ્વાસ લીધા હતા.

બીએસએફે શહીદના પરિવાર પ્રત્યે ઊંડી લાગણી વ્યક્ત કરી હતી. સન્માન સાથે પલૌરા ફ્રન્ટિયર મુખ્યાલય જમ્મુમાં અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ૨૫ વર્ષીય દીપક મણીપુરનો રહેવાસી હતો.

પહલગામ હુમલા બાદ પાકિસ્તાન દ્વારા વારંવાર સીઝફાયરનું ઉલ્લંઘન કરી ર્ન્ઝ અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર કરવામાં આવી રહ્યો હતો.

આ ગોળીબાર ગત શનિવાર સુધી ચાલ્યો હતો. જેમાં જમ્મુ-કાશ્મીર સરકારના એક વરિષ્ઠ અધિકારી અને બે સુરક્ષાદળના અધિકારી શહીદ થયા હતા. આ સિવાય અન્ય જવાનો સહિત કુલ સાત લોકો શહીદ થયા છે. ગઈકાલે બીએસએફ સબ ઈન્સ્પેક્ટર મોહમ્મદ ઈમ્તિયાઝ પણ શહીદ થયા હતા. રાજૌરીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કમિશનર રાજકુમાર થાપા અને તેમના સ્ટાફના અન્ય બે સભ્યો પણ આ ક્રોસ બોર્ડર ફાયરિંગમાં ગંભીર રૂપે ઘાયલ થયા હતા.

# અમેરિકામાં ૧ ઇમારતમાં ભીષણ આગની ઘટના; ૪ના મોત



(જી.એન.એસ) મિલવૌકી, અમેરિકામાં ફરી એકવાર મોટી આગની ઘટના બની હતી જેમાં મિલવૌકીમાં એક ઈમારતમાં અચાનક ભીષણ આગ લાગી ગઈ હતી. એક નાની જગ્યાએ લાગેલી આગ ઝડપથી ફેલાઈ ગઈ અને એક પછી એક અનેક ફલોર આ આગની લપેટમાં આવી ગયા. રવિવારે સર્જાયેલી આ દુર્ઘટનામાં ૪ લોકોના મોત થયા છે અને ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઉપરાંત ઘણા અન્ય લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે, જેમની સારવાર ચાલી રહી છે.

આ દુર્ઘટના રવિવારે સવારે ૮:૦૦ વાગ્યે ઘટી હતી. આગની લપેટમાં આવ્યા બાદ ઈમારત સંપૂર્ણ પણે બળીને ખાખ થઈ ગઈ છે. મિલવૌકી ફાયર ડિપાર્ટમેન્ટના ચીફ એરોન લિપ્સકીએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, 'આ ઈમારત ૮૫ યુનિટમાં બની હતી, પરંતુ આગને કારણે તે હવે રહેવા યોગ્ય નથી રહી. ૨૦૦થી વધુ લોકોને અહીંથી બીજી જગ્યાએ ખસેડવામાં આવ્યા છે.'એરોન લિપ્સકીએ જણાવ્યું કે, આગ લાગ્યા બાદ ઈમારતના ચોથા અને બીજા માળે રહેતા લોકો નીચે કૂદવા લાગ્યા.

આ જોઈને સ્થાનિક લોકોએ ફાયર વિભાગને ફોન કર્યો. જોકે, અમારી ટીમ ઘટના સ્થળે પહોંચી ત્યાં સુધીમાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી.લિપ્સકીએ જણાવ્યું કે, 'ફાયર ટ્રકની મદદથી બારી પાસે ઉભેલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

# ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધતાં બંધ કરાયેલા ૩૨ એરપોર્ટ પર ફરી શરૂ કરવામાં હવાઈ સેવાઓ



(જી.એન.એસ) નવી દિલ્હી, જામ્મ-કાશ્મીરના પહલગામમાં નિર્દોષ લોકો પર થયેલા આતંકી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાન સામે કડક પગલાં ભર્યા હતા અને તેના ભાગરૂપે ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાએ પાકિસ્તાનના આતંકવાદી ઠેકાણાઓને ધ્વસ્ત કરી દીધા હતા. ભારત અને પાકિસ્તાન વચ્ચે તાજેતરમાં જ થયેલા સૈન્ય સંઘર્ષ બાદ જે એરપોર્ટ્સને હંગામી ધોરણે બંધ કરી દીધા હતા, તે હવે ફરીથી તાત્કાલિક ખોલવામાં આવી રહ્યા છે. સોમવારે મોહાલી સ્થિત શહીદ ભગત સિંહ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉડાનો ફરીથી શરૂ થઈ ગઈ છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ગુજરાતના ૭ સહિત ભારતના બંધ કરાયેલા તમામ ૩૨ એરપોર્ટને ફરી તાત્કાલિક અસરથી શરૂ કરવામાં આવી રહ્યા છે અને આ સાથે પેસેન્જર વિમાન માટે એરસ્પેસ પણ ખોલવાની જાહેરાત કરવામાં આવી છે. આ પહેલાં ૭મે ના રોજ ભારતીય સેનાએ પાકિસ્તાનના ૯ આતંકવાદી ઠેકાણાઓ પર ઓપરેશન સિંદૂર અંતગર્ત હુમલા કર્યા હતા, ત્યારબાદ બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી સૈન્ય સંઘર્ષ થયો હતો. જોકે ૧૦મેના રોજ બંને દેશો વચ્ચે પરસ્પર સહમતિથી યુદ્ધ વિરામ થયો હતો, જોકે પાકિસ્તાન દ્વારા ફરી સીઝફાયર ઉલ્લંઘન કરવામાં આવ્યાની માહિતી સામે આવી હતી. ત્યારબાદ ભારત સરકારે કડક સંદેશ જાહેર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ભારતમાં ૩૨ એરપોર્ટ હવે તાત્કાલિક અસરથી ખુલી ગયા છે. જોકે એરસ્પેસ પર આ અંકુશ લાદવાનો નિર્ણય શનિવાર સવાર સુધી લાગુ હતો, પરંતુ પછી તેને ૧૫મે સુધી સવાર ૫:૨૯ વાગ્યા સુધી વધારવામાં આવી હતી. જે બાદ આજે તમામ ચેતવણીઓ પાછી ખેંચી લેવામાં આવી છે.

# "કોઓપરેશન અમોન્ગસ ધ કોઓપરેટિવ પ્રોજેક્ટ" અમલીકરણની સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ સર્વગ્રાહી સમીક્ષા કરી



(જી.એન.એસ) ગાંધીનગર, દેશમાં સહકાર પ્રવૃત્તિને વેગ આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા "સહકારથી સમૃદ્ધિ"ના વિઝનને પરિણામલક્ષી બનાવવા માટે ગુજરાતમાં વિઝનરી "કોઓપરેશન અમોન્ગસ ધ કોઓપરેટિવ" પાયલટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. આજે ગાંધીનગર ખાતે સહકાર રાજયમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને આ પાયલટ પ્રોજેક્ટના અમલીકરણની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠક દરમિયાન સહકાર રાજય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રેઝન્ટેશન મારફત "કોઓપરેશન અમોન્ગસ ધ કોઓપરેટિવ" પાયલટ પ્રોજેક્ટની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સાથે જ, સહકાર રાજય મંત્રીશ્રીએ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરીને વધુ વેગવાન બનાવવા માટે જરૂરી સૂચનો કાર્ય હતા તેમજ યોગ્ય માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. સહકાર ક્ષેત્રમાં સહકારિતાને વેગ આપવાના આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટની સમીક્ષા બેઠકમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તેમજ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી સહિત રાજયભરના દૂધ સંઘો તેમજ વિવિધ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના ચેરમેનશ્રીઓ, મેનેજીંગ ડાયરેક્ટરશ્રીઓ, ઝઈ તેમજ સહકાર વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓલપાડનાં કરંજ ગામની નવજીવન વિદ્યાલયનાં બે વિદ્યાર્થીઓએ છ૧ ગ્રેડ હાંસલ કરી અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી

એસ.એસ.સી.બોર્ડ માર્ચ ૨૦૨૫ની પરીક્ષામાં ઓલપાડ તાલુકાની કાંઠા વિસ્તાર સ્થિત કરંજ ગામની નવજીવન વિદ્યાલયનાં બે વિદ્યાર્થીઓએ છ૧ ગ્રેડ મેળવી અભૂતપૂર્વ સફળતા હાંસલ કરેલ છે. જેમાં ધ્રુવી રોહિતભાઈ પટેલે ૯૨.૩૩ ટકા મેળવી શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે જ્યારે વિકાસ અનિલભાઈ પટેલે ૯૧.૮૩ ટકા મેળવી શાળામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટોપર વિદ્યાર્થીઓ પૈકી કરંજ ગામની ધ્રુવી પટેલ ખૂબ જ સામાન્ય પરિવારમાંથી આવે છે જેનાં પિતા રોહિતભાઈ ભાડાની વાન ચલાવે છે જ્યારે માતા હીનાબેન ઘરકામ કરે છે. બીજીતરફ મીંઢી ગામનો વિકાસ પટેલ પણ સામાન્ય પરિવારમાંથી આવે છે જેનાં માવતર અનિલભાઈ અને ભારતીબેન ખેતીકામ કરી ગુજરાન ચલાવે છે. પ્રબળ આત્મવિશ્વાસ ધરાવતી ધ્રુવી પટેલ સોફ્ટવેર એન્જિનિયર બનવાની આકાંક્ષા ધરાવે છે જ્યારે





વિકાસ પટેલ ઉચ્ચ અભ્યાસ કરી પરિવારનું નામ રોશન કરવા માંગે છે. ચાલુ વર્ષે શાળાનું પરિણામ ૮૧.૮૧ ટકા આવેલ છે. જેમાં બે વિદ્યાર્થીઓએ છ૧ ગ્રેડ મેળવેલ છે.

# ઓપરેશન સિંદૂર દરમિયાન ગુજરાતમાં સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી પોસ્ટ કરનાર ૧૪ લોકો સામે FIR દાખલ

(જી.એન.એસ) ગાંધીનગર, ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે ભારતીય સૈન્ય દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી પોસ્ટ કરનાર ૧૪ વ્યક્તિઓ સામે ગુજરાત પોલીસે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આવી દેશવિરોધી અને વૈમનસ્ય ફેલાવનારી પોસ્ટ કરનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ સાથે, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે પણ સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી, નકારાત્મક અને સૈન્યનું મનોબળ તોડનારી ખોટી માહિતી, અફવાઓ કે સૈન્યની સુરક્ષાને જોખમમાં મૂકનારી પોસ્ટનું નિરીક્ષણ કરી, તાત્કાલિક ગુનો દાખલ કરવા અને આવા તત્વો સામે ત્વરિત કડક કાર્યવાહી કરવા રાજ્યની પોલીસને આદેશ આપ્યા હતા.ગુજરાત પોલીસની ઈન્ટેલિજન્સ શાખા અને સોશિયલ મીડિયા મોનિટરિંગ યુનિટ દ્વારા આવી પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી હતી. આ દરમિયાન, ૧૪ વ્યક્તિઓએ દેશવિરોધી, લોકોમાં વૈમનસ્ય ફેલાય અને સૈન્યનું મનોબળ તોડે તેવા લખાણો પોસ્ટ કર્યા હોવાનું ધ્યાને આવતા તેમની સામે FIR દાખલ કરવામાં આવી છે.

# બીજના સારા અંકુરણ અને વિકાસ તેમજ રોગોથી રક્ષણ માટે પ્રાકૃતિક ખેતીમાં બીજ માવજત મહત્વપુર્ણ

મહેસાણા, પ્રાકૃતિક ખેતી એ જમીન અને આરોગ્યની જાળવણી માટે એક વૈકલ્પિક કૃષિપદ્ધતિ તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે. ગુજરાત રાજ્યના કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડુતોને પ્રાકૃતિક ખેતી અંગેનું તાલીમ, સહાય અને માર્ગદર્શન પુરું પાડીને પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ મોડેલ પાંચ સ્તંભનું છે. આ સ્તંભો બીજામૃત, જીવામૃત, વાપ્સા, આચ્છાદન અને મિશ્ર ખેતી છે. પ્રાકૃતિક ખેતીમાં વાવેતર પહેલાથી જ બીજ પર જીવામૃતનો પ્રયોગ કરવામાં આવે છે, જે પાકના શરુઆતના વિકાસ માટે એક પાયા સમાન બની રહે છે. પદ્મશ્રી સુભાષ પાલેકરજીના સંશોધન અને તાંત્રિક સહયોગથી ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત દ્વારા વર્ણવાયેલ પ્રાકૃતિક કૃષિપદ્ધતિ અનુસાર પ્રાકૃતિક ખેતીમાં 'બીજ માવજત' વિષે આજે આ લેખમાં જાણીએ. 'બીજ માવજત' એટલે બીજના વાવેતર પહેલા બિયારણને પટ આપવાની પ્રક્રિયા. પ્રાકૃતિક ખેતીમાં બીજામૃત વડે બીજને વાવણી માટે તૈયાર કરવામાં આવે છે. શાકભાજીના સારાં ઉત્પાદન માટે બીજામૃતથી તેની માવજત કરવી વધુ અગત્યની છે. બીજ માવજતથી બીજનું અંકુરણ સારી રીતે થાય છે, જેના પરીણામે સારું ઉત્પાદન મેળવવામાં મદદ મળે છે. બીજ માવજત કરેલ બીયારણો ઝડપથી અને વધુ પ્રમાણમાં ઉગે છે અને તેને જમીનજન્ય રોગોથી રક્ષણ પ્રાપ્ત થાય છે.બીજામૃત બનાવવા માટે દેશી ગાયનું છાણ, ગૌમૂત્ર, પલાળેલો ચુનો, પાણી અને માટીનો ઉપયોગ કરવામાં આવે છે. ૫ કિલો દેશી ગાયનું છાણ, ૫ લીટર ગૌમૂત્ર, ૫૦ ગ્રામ પલાળેલો ચુનો, ૨૦ લીટર પાણી અને સજીવ માટી ૧ મુઠ્ઠીને મિશ્ર કરવામાં આવે છે. મિશ્રણને લાકડી વડે દિવસમાં બે વાર સારી રીતે હલાવવામાં આવે છે, આ રીતે મિશ્રણ ૨૪ કલાકમાં બીજ માવજત માટે તૈયાર બીજામૃત બની જાય છે.

# જ્ઞાનમાર્ગમાં ત્યાગ અને ભક્તિમાર્ગમાં સમર્પણ પ્રધાન છે.

યશપાલસિંહ ટી વાઘેલા શ્રી ઓગડ વિદ્યા મંદિર,દરબાર ગઢ થરા

પહેલગામ પર્યટકો પર આતંક વાદીઓએ ધર્મ પૂછ્યા પછી હત્યાકાંડ કરી સીમા પર જતા રહ્યા અને પછી બે દેશ વચ્ચે યુદ્ધ જેવો માહોલ સર્જાયો આ વખતે લોકસભા રાજયસભાના તમામ સભાસદો એક સૂરે બોલતા હતા કે પાકિસ્તાનને તેના કરેલ કર્મોની સજા કરવી જ જોઈએ કે કોઈ દિવસ ભારત તરફ નજરના કરે. પણ ટ્રમની કે ડ્રમની સીઝફાયરની સલાહથી સીઝફાયર થયું હવે ભકતો ૨૪૦/૪૦૦માં લોકોને ઉલ્લુ બનાવી રહયા છે ત્યારે કોણ ખરેખર રાષ્ટ્ર પ્રેમી તે પ્રજાએ વિચારવાનું છે.

સેનાને સલામ સાથે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભક્તિ વિનાનો યોગ રોગને ઉત્પન્ન કરે છે ભક્તિ વગરનો યોગ સાધક થતો નથી. કેટલીક વાર બાધક થાય છે ભક્તિ સાથે યોગ કરે તો પ્રભુ સાથે સંયોગ થાય છે.યોગથીયોગી મનને સ્થિર કરી શકેછે,પણ હૃદય વિશાળ થતું નથી. હૃદય વિશાળ થશે જ્ઞાન અને ભક્તિથી તેથી પૂરક પ્રાણાયામમાં એવી ભાવના કરવાની કે,પ્રભુનું તેજો મય સ્વરૂપ મારા હૃદયમાં આવે છે.

તે પછી કુંભક કરો.પ્રાણને શરીર માં રોકી રાખવો તે કુંભક.તે સમયે બ્રહ્મ સંબંધની ભાવના કરવી મારા પ્રભુ સાથે મારું મિલન થયું છે.મારા પ્રભુએ મને આલિંગન આપ્યું છે.બ્રહ્મસંબંધ સતત ટકે તે મુક્તિ મળે છે.તે પછી રેચક પ્રાણાયામ કરવાનો હોય છે.ડાબા નસકોરામાંથી જે શ્વાસને બહાર કાઢવાનો છે તે રેચક કહે છે.તે વખતે એવી ભાવના કરવી કે, હવે પ્રભુ સાથે હું એક થયો છું. હું ભગવાનનો બન્યો એટલે મારા મનમાં જેટલા વિકાર



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

હતા,તેટલા બધા બહાર નીકળે છે હું શુદ્ધ બન્યો છું.જ્યાં સુધી લૌકિક વ્યવહારમાં કંઈક કરવું છે, ત્યાં સુધી મન ઠરતું નથી.ઠરવાનું નથી બહારના સંસાર ભજનમાં વિક્ષેપ કરતો નથી મનનો સંસાર ભજન માં વિક્ષેપ કરે છે.

બ્રાહ્મણો સંધ્યામાં અઘમર્ષણ કરે છે.મારાં પાપ બધાં બહાર નીકળે છે.મનના બે પ્રકારના મળ કહ્યાછે સ્થૂલ મળ.જે સાધારણ સાધના તપ,વ્રત,ઉપવાસથી દૂર થાય છે.

સૂક્ષ્મ મળ.જે તીવ્રભક્તિ વગર નીકળતો નથી.તેથી શુકદેવજીએ આરંભમાં વિરાટ પુરુષનું ધ્યાન કરવાનું કહ્યું છે. વિરાટ પુરુષની ધારણા વગર મળ શુદ્ધ થશે નહીં. શુકદેવજી કહે છે કે,અમારી નિષ્ઠા નિર્ગુણમાં છે,તથાપિ શ્રી કૃષ્ણ ભગવાનની મધુર લીલાઓ બળ પૂર્વક મારા હૃદયને પોતાની તરફ ખેંચી લે છે. એ જ કારણથી મેં ભાગવત પુરાણનું અધ્યયન કર્યું અને તે હું તને સંભળાવીશ. સર્વશાસ્ત્રોવાંચો વિચારો, પણ યાદ રાખો એકલો નારાયણ



હરિ જ સાચો છે. મેં સર્વ શાસ્ત્રોને ઉથલાવી જોયાં,વારંવાર વિચાર કરી જોયો પણ તેમાંથી આ એક જ સાર નીકળ્યો કે,સર્વનું ધ્યેય એક નારાયણ હરિ જ છે.

હરિ સગુણ અને નિર્ગુણ પણ ખરા નિર્ગુણમાં નિષ્ઠા ન થાય ત્યાં સુધી મનમાંથી રાગદ્વેષ જશે નહીં સગુણમાં નિષ્ઠા રાખે અને નિર્ગુણ ને ન માને તો તેની ભક્તિ અધૂરી છે.

જગત બ્રહ્મરૂપ છે એમ નહીં માનો ત્યાં સુધી રાગદ્વેષ જશે નહીં.

કેટલાક જગતને બ્રહ્મમય માને છે.કેટલાક પ્રત્યેક પદાર્થમાં બ્રહ્મ સ્વરૂપનો અનુભવ કરે છે. રાગદ્વેષનો નાશ કરવા વિચદ પુરુષનું ધ્યાન કરવું. આખું જગત વિરાટ પુરુષનું સ્વરૂપ છે તેવી ભાવના દૃઢ થાય,તો જગતની કોઈ વસ્તુ પ્રત્યે હીનભાવ કે કુભાવ થશે નહીં.

હરિ જ જગત છે એમ માનો બ્રહ્મ દ્રષ્ટિથી જગત સત્ય છે.

બ્રાહ્મણ ભગવાનના મુખમાંથી નીકળ્યા છે.એટલે બ્રાહ્મણનું અપમાન મારા પ્રભુના મુખનું અપમાન છે.ક્ષત્રિય ભગવાનના હાથ છે તેથી ક્ષત્રિયનું અપમાનએ ભગવાનના હાથનું અપમાન છે.

વૈશ્ય સાથળમાંથી નીકળ્યા છે. એટલે વૈશ્યનું અપમાન મારા પ્રભુ ના સાથળનું અપમાન છે.પરમાત્માના ચરણમાંથી શૂદ્ર નીકળ્યો છે, માટે તેનું અપમાન ન કરો!જગતમાં જડચેતન પરત્વે ભેદભાવ રાખશો ત્યાં સુધી ધ્યાનમાં એકાગ્રતા આવશે નહીં. જગતના પ્રત્યેક પદાર્થને બ્રહ્મરૂપે નિહાળીને મનને વિશુદ્ધ બનાવો.

શુકદેવજીએ તે પછી વૈરાગ્યનો ઉપદેશ કર્યો. વૈરાગ્ય વગર ધ્યાન થતું નથી.ધ્યાનમાં એકાગ્રતા આવતી નથી. સંસારનું સ્મરણ એ જ દુઃખ છે. સંસારનું વિસ્મરણ એ જ સુખ છે.

જ્ઞાનમાર્ગમાં તીવ્ર વૈરાગ્ય જોઈએ ભક્તિમાર્ગમાં તીવ્ર પ્રેમ જોઈએ. ભક્તિ કરવી હોય તો વૈરાગ્ય નહીં કેળવો તો ચાલશે, પણ સર્વ સાથે પ્રેમ કરવો પડશે. વૈરાગ્ય કરતાં આ અઘરું છે. જગતના પ્રત્યેક પદાર્થ સાથે પ્રેમ કરવો એ ભક્તિમાર્ગ.

જ્ઞાનમાર્ગમાં ત્યાગ પ્રધાન છે.

ભક્તિમાર્ગમાં સમર્પણ પ્રધાન છે. સાધારણ મનુષ્ય માટે જ્ઞાનમાર્ગ સુલભ નથી. મનુષ્ય સર્વનો ત્યાગ કરી શકતો નથી.

શરીરથી આત્મા ભિન્ન છે તેમ બધા સમજે છે,પણ તે અનુભવવું સહેલું નથી.ભક્તિ માને છેકે ગાયમાં રહેલા શ્રીકૃષ્ણની સેવા ઘાસમાં રહેલા શ્રીકૃષ્ણથી કરીશ.

ભક્તિમાર્ગમાં સદભાવ રાખવાનો છે.સર્વ પ્રત્યે સદ્ભાવ રાખવો કઠણ છે.શ્રીકૃષ્ણ ભગવાન પોતાને લાત મારનારને પણ સદભાવથી જુએ છે.

મનનો મેલ ધોવા વિરાટ પુરુષનું ધ્યાન કરવાનું છે. વિરાટ પુરુષનું ધ્યાન કરવાનું એટલે કે જગતમાં આજે કાંઈ દેખાય છે તે પરમાત્મા નું સ્વરૂપ છે એમ સમજીને વ્યવહાર કરો.

આખું જગત એ વિરાટ પુરુષનું સ્વરૂપ છે. વિરાટ પુરુષનું ધ્યાન કરવા તીવ્ર વૈરાગ્ય ની જરૂર છે. આખું જગત બ્રહ્મ રૂપ છે,તેમ માની જ્ઞાની પુરુષો લલાટમાં બ્રહ્મનાં દર્શન કરે છે. વૈષ્ણવો હૃદયમાં ચતુર્ભુજ દ્વારિકાનાથનાં દર્શન કરે છે. પ્રભુના એક અંગનું ચિંતન એનું નામ ધ્યાન,પ્રભુના સર્વાંગનું ચિંતન એ ધારણા.

દાસ્યભક્તિથી હૃદય જલદી દીન બનશે.પ્રથમ ભગવત ચરણારવિંદ નું ખૂબ ધ્યાન કરવું.ત્યારપછી મુખારવિંદનું ધ્યાન કરવાનું છે.તે પછી સર્વાંગનું ધ્યાન.સાધક સાવધાન થઈ ધ્યાન કરે,તો સમજાશે કે માયામાં જે શક્તિ છે તે ખોટી છે.ઈશ્વરનું ચિંતન ન થાય તો વાંધો નહીં,પણ સંસારનું ચિંતન કરશો નહીં.ઈશ્વરનું ધ્યાન ન થાય તો વાંધો નહીં,પણ સંસારનું ધ્યાન છોડવાની ટેવ પાડજો.

ધ્યાનવગર ઈશ્વરના સાક્ષાત્કાર થતો નથી. જેવું પૈસાનું ધ્યાન કરો છો,તેવું પરમાત્માનું ધ્યાન કરવાનું છે. પહેલાં અંધારું દેખાશે,પણ ધૈર્ય સાથે યોગધારણાથી મનને વશ કરવું,પ્રભુના સર્વાંગથીબુદ્ધિ દ્વારા ધારણા કરવી.જેમ જેમ બુદ્ધિ સ્થિર થશે,તેમ તેમ મન સ્થિર થશે.ધારણા સ્થિર થાય, ત્યારે ધ્યાનમાં પ્રભુનું મંગલમય સ્વરૂપ દેખાય છે અને ભક્તિયોગ ની પ્રાપ્તિ થાય છે.

ધ્યાનમાં મન સ્થિર ન થાય તો તેને મરણની બીક બતાવજો.તેથી તે સ્થિર થશે.મનને સમજાવજો, પટાવજો, છેવટે ધમકાવજો.

એકનાથ મહારાજને એક વૈષ્ણવે પૂછ્યું કે,તમારું મન ઈશ્વરમાં સ્થિર થાય છે,

સદા સર્વદા તમારું મન શ્રીકૃષ્ણમાં સ્થિર કેમ રહે છે? તમારું મન ચોવીસે કલાક પ્રભુમાં સ્થિર છે,ને મારું મન અર્ધો કલાક પણ પ્રભુમાં સ્થિર થતું નથી,માટે મનને સ્થિર કરવાનો કાંઈ ઉપાય બતાવો.એકનાથ મહારાજે કહ્યું, એ વાત હમણાં જવા દે.હમણાં તો એક મહત્ત્વની વાત મારે તને કહેવી છે અને તે એ કે તારું મૃત્યુ નજીક છે મરતાં પહેલાં વેર અને વાસનાનો ત્યાગ કર.વેર અને વાસના મરણ ને બગાડે છે.જા,સાત દિવસ પછી તું મારી પાસે આવજે.પેલા વૈષ્ણવના તો મૃત્યુનું નામ સાંભળ્યું કે હોશકોશ ઊડી ગયા. ઘરે જઈ તરત ધનની પુત્રોને સોંપણી કરી દીધી.સર્વની ક્ષમા યાચના માગી.ઈશ્વરનું ધ્યાન કરવા લાગ્યો.સાત દિવસ પછી તે એકનાથ મહારાજ પાસે આવ્યો.

મહારાજે પૂછ્યું,બોલ,આ સાત દિવસ તે શું કર્યું..?વૈષ્ણવ ઉત્તર આપે છે,મને તો મરણની બીક એવી લાગી કે, હું તો સર્વ છોડીને ઈશ્વરના ધ્યાનમાં જ લાગી ગયો. એકનાથ મહારાજે કહ્યું, બસ, તો મારી એકાગ્રતાનું પણ એ જ રહસ્ય છે.હું મૃત્યુને રોજ યાદ રાખું છું.હું મૃત્યુની બીક રાખી સતત ઈશ્વર ભજન કરું છું, એટલે મારું મન સર્વ વિષયોમાં થી હટી જાય છે અને મારું મન સદા સર્વદા શ્રીકૃષ્ણમાં એકાગ્ર રહે છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત સેનાની નિષ્ઠા વફાદારીને લાખ લાખ વંદન.. રાજકારણીઓને તેમના રાષ્ટ્ર પ્રેમ બદલ અભિનંદન.અસ્તુ.

★યશપાલસિંહ ટી વાઘેલા શ્રી ઓગડ વિદ્યા મંદિર,દરબાર ગઢ થરા★

